# કાકાજી મહારાજ

- સાક્ષાત્કારી પુરુષ, મૌલિક ચિંતન દાર્શનિક, બહુમુખી પ્રતિભાશાળી બ્રહ્મસ્વરૂપ સંત.
- એક એવા સંત જેમનામાં પ્રભુ આઠેય પ્રહર વિરાજમાન રહ્યા.
- અથાગ પરિશ્રમ કરનારા સાચા ધર્મગુરુ, જેમણે આધ્યાત્મિક જીવન માટે નિશ્ચયાત્મક અને હકારાત્મક સૂત્રો આપ્યાં.
- ભગવાન સ્વામિનારાયણની શુદ્ધ આધ્યાત્મિક ગુરુપરંપરાની પાંચમી પેઢીના જ્યોર્તિધરોમાંના એક અદ્વિતિય વિલક્ષણ વિભૂતિ, એવા પરમ પૂજ્ય કાકાજી મહારાજનું પ્રાગટ્ય ૧૨ મી જૂન ૧૯૧૮ના રોજ નડિયાદ-ગુજરાત ખાતે થયું હતું. નડિયાદ, નાઈરોબી, કોલંબો અને લંડનમાં શિક્ષણ મેળવી એમણે બી.એસ.સી. (અર્થશાસ્ત્ર) બી.એ. ઓનર્સ અને એ.સી.પી (લંડન)ની ડિગ્રીઓ મેળવી.

એમણે પોતાની બાલ્યાવસ્થામાં સાત વર્ષની કુમળી વયે ધરતી પર સ્વર્ગ લાવી સહુને સુખી કરવાનું સ્વપ્ન સેવ્યું અને તેને સાકાર કર્યું.

એક વાર ગામમાં, સાત વર્ષના કાકાજી અને નવ વર્ષના એમના મોટાભાઈ પપ્પાજી રામલીલા જોવા ગયા. એ દિવસે રામલીલામાં રાજા દશરથનો સ્વર્ગવાસ બતાવવામાં આવ્યો હતો. કાકાજીએ પપ્પાજીને પૂછ્યું કે ભાઈ! આ રાજા દશરથ મરી ગયા, હવે તેમનું શું થશે? પપ્પાજીએ જવાબ આપ્યો કે તેઓ સ્વર્ગમાં ગયા. કાકાજીએ પૂછ્યું - સ્વર્ગ શું છે? તો ભાઈએ જણાવ્યું કે સ્વર્ગમાં મારું-તારું નથી હોતું, લડાઈ ઝઘડા નથી હોતા. કોઈ દુઃખ કે ક્લેશ પણ નહીં, બસ સુખને સુખ જ હોય છે. આ સાંભળી કાકાજી એકદમ બોલી ઊઠ્યા કે હું પૃથ્વી પર સ્વર્ગ ઉતારીશ, એટલું જ નહીં, એ સુખ સૌમાં વહેંચીશ, બધાને સુખી કરીશ... હું સ્વર્ગને પૃથ્વી પર અવશ્ય લાવીશ. આમ માત્ર સાત વર્ષની નાની વયથી જ આ બાળકની મહત્ત્વાકાંક્ષા આકાશેથી સ્વર્ગને ધરતી પર ઉતારીને સૌને સુખી કરવાની હતી.

માતાપિતાએ નામ આપ્યું હતું, 'દાદુ' અર્થાત- બન્ને હાથે આપનાર - આજ તેમની જીવનમંત્ર - જીવનશૈલી છેલ્લા શ્વાસ સુધી રાખ્યાં. 'Live life by giving out.'

૧૯૪૪માં પરદેશમાં અભ્યાસ કરી ભારત પરત આવ્યા. પરદેશ ખેડી લક્ષ્મી કમાવવાની પોતાની મહત્વાકાંક્ષાને બાજુએ રાખી ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી મુંબઈમાં શ્રી રતિલાલ નાણાવટીને ત્યાં નોકરી કરી ખાતરનો વ્યાપાર શીખી પોતાનો ધંધો શરૂ કર્યો. અને... થોડા જ સમયમાં તેમણે કુશળ વેપારી તરીકે અત્યંત સફળતા હાંસલ કરી.

શ્રી ગુલઝારીલાલ નંદા અથવા અન્ય સત્સંગીઓની ભક્તિ ભાવયુક્ત નિઃસ્વાર્થ સેવાના ફળરૂપે તેમની ઉપર ગુરુવર્ય યોગીજી મહારાજની કૃપા વરસી અને ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ અક્ષર મંદિર, ગોંડલ-સૌરાષ્ટ્રમાં તેમને પ્રભુનો સાક્ષાત્કાર થયો!

આ જ્ઞાનસમાધિ પછી-

'ગુરુહરિ યોગીજી મહારાજ કોઈ સાધારણ વિભૂતિ નહીં, બલ્કે અક્ષરધામમાં વિરાજમાન શ્રીજી મહારાજનું જ સાક્ષાત સ્વરૂપ અમારી સાથે, અમારા જેવા જ બનીને ધરતી પર 'યોગીજી'ના રૂપે વિચરી રહ્યા છે... યોગી ભગવાનનું સ્વરૂપ છે, યોગી ભગવાનનું સ્વરૂપ છે, એમને ઓળખી લો...

એવો ઉદ્‌ઘોષ દિગંતમાં પ.પૂ. કાકાજી કરતા રહ્યા!

અને જાણે કે એક નવા સુવર્ણ યુગનો પ્રારંભ થયો...

આધ્યાત્મિક ઈતિહાસમાં એક નવી ક્રાંતિ આવી!

કાકાજી મુંબઈમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના એક અનન્ય ભક્ત સોનાબાના પરિચયમાં આવ્યા હતા. સોનાબાના સુપુત્ર કાંતિભાઈ (કાંતિકાકા) સાથે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે ભાઈ-ભાઈ બનીને રહેવાનો આદેશ આપ્યો તથા આશીર્વાદ આપ્યા કે- 'બન્ને ભાઈ-ભાઈ બનીને રહેશો તો બ્રહ્માંડ ડોલાવશો.' કોઈ પણ સંયોગોમાં ગુરુના વચનથી આ બન્ને મૈત્રીની અમર ભાવનાને જીવનના છેલ્લા શ્વાસ સુધી જીવંત રાખીને રામ-લક્ષ્મણના ભ્રાતૃભાવને અમર કરી દીધો. કાકાજી, પપ્પાજી, કાંતિકાકા, સોનાબાએ આધ્યાત્મિક સતયુગની સ્થાપના કરી. ગુણાતીત સમાજની સ્થાપનામાં સર્વપ્રથમ પોતાના સર્વસ્વને, ધન-નામ, કુટુંબ-પરિવાર, મહત્ત્વાકાંક્ષા, કીર્તિ, દરેક પ્રકારની લૌકિક-અલૌકિક સિદ્ધિને ગુરુચરણે સમર્પિત કરી દીધી.

જ્યારે વિદેશની ધરતી પર સ્વામિનારાયણ સંપ્રદાય કે ગુણાતીત સમાજથી કોઈ પરિચિત ન હતું ત્યારે ત્યાં સૌથી પહેલાં જઈને કાકાજીએ સ્વામિનારાયણ ધર્મ-ગુણાતીત જ્ઞાનનાં બી વાવ્યાં અને બધા જ સ્વરૂપોનો મહિમા ગાયો. ગુરુહરિ યોગીજી મહારાજના

વખતથી જ દક્ષિણ આફ્રિકા 'મોમ્બાસા, ટરોરો' જેવા દેશ વિદેશની ધરતી પર બધા જ માટે એક પ્લેટફોર્મ તૈયાર કર્યું... આજે દેશ-પરદેશમાં અનેક કેન્દ્રો અને મંદિરોમાં સત્સંગની જે વિજય પતાકાઓ ગગનમાં લહેરાઈ રહી છે, તેમના આધારસ્તંભના મૂળમાં પ.પૂ. કાકાજીનો અપ્રતિમ પરિશ્રમ, ભજન, ખેલદિલી તથા અંતરની વિશાળતા છૂપાયેલી છે. તેમના અનહદ પરિશ્રમના પરિણામે આજે સત્સંગનો બગીચો પોતાની સંપૂર્ણકળાએ ખીલી ઊઠ્યો છે... સ્વામિનારાયણ ધર્મને શોભાયમાન કરે છે.

તેમને ભીડ જમા કરવાની પડી ન હ્તી. પ્રભુના આવા સંતને-સ્વરૂપને કેન્દ્રમાં રાખી કુટુંબભાવથી જીવતા એક 'આધ્યાત્મિક સમાજનું સર્જન' તેમની અંતરેચ્છા હતી. શિકાગોમાં એક વખત પોતાના શિષ્યને ખરું જ્ઞાન આપતાં તેમણે કહ્યું હતું કે- 'અમેરિકામાં લાખો લોકો એકઠા થાય, મર્સીડિઝ ગાડીઓ મને લેવા આવે અને મારી પાછળ મોટાં મોટાં સરઘસ નીકળે એમાં મને રસ નથી. એવું પણ કરી શકું એવું મારામાં સામર્થ્ય છે. તને ખ્યાલ નથી કે તારો ગુરુ સોનાની પાલખીમાં ફરે એવો છે. પણ આવી ચીજોથી વિશેષતા નથી. આ બધા કરતાં વધુ તો અમેરિકામાં દિનકરભાઈ જેવા પાંચ જણ જો તૈયાર થઈ જશે તો હું માનીશ કે આખા અમેરિકાને સત્સંગ થઈ ગયો અને પચાસ સો આત્મબુદ્ધિ અને પ્રીતિવાળાં કુટુંબ જો તૈયાર થઈ જાય તો આપણું લક્ષ્ય પૂરું થયું. પછી એ લોકો કામ કરશે.'

કાકાજીએ આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કર્યું. તેઓ સાચે જ કોસ્મોપોલિટન સાધુ હતા. બધી જ સંકુચિત સીમાઓ, ધારણાઓથી ઉપર ઉઠેલા કાકાજીના હૃદયની વિશાળતા તેમણે ઉચ્ચારેલી નિમ્નલિખિત વાણીથી સમજાય છે.

'આપ કોઈ પણ દેવને માનો... માતાજીને કે મહાદેવને, રામને કે શ્રીકૃષ્ણને, ઘંટાકર્ણ દેવને કે હનુમાનજીને, કોઈપણ દેવી-દેવતાને, પણ તેમની ઉપર શ્રધ્ધા અને વિશ્વાસ સાથે પાકી નિષ્ઠા રાખો. પોતાના જીવનમાં પ્રભુને પ્રાયોરિટી ઉપર -સૌ પ્રથમ રાખો. ધન, પુત્ર, સ્ત્રી અને સત્તાનુ તમારા જીવનમાં જેટલુ મહત્ત્વ છે, તેટલું પ્રભુનું તમે નથી રાખતા.'

ગુરુહરિ યોગીજી મહારાજના અભિપ્રાય-મરજી મુજબ જ કાકાજી પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ જીવ્યા. ભારતના પ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુજીએ કાકાજીની અદ્‌ભૂત પ્રતિભાથી પ્રભાવિત થઈને તેમને રાજકારણમાં પ્રધાન (મિનિસ્ટર) બનવાની ઓફર કરી, પણ કાકાજીએ સ્પષ્ટ ના પાડી કહ્યું કે મારે તો મારા ગુરુના વચન મુજબ જ દરેક પ્રવૃત્તિ-નિવૃત્તિ રાખવાની છે.

કાકાજી નિરપેક્ષ, નિતાંત, નિઃસ્વાર્થ પ્રેમની જીવંત મંગળકારી હિતકારી મૂર્તિ હતા. તેમનું જીવન જ્ઞાન, ભક્તિ, કર્મનો સમન્વય હતુ. કાકાજીના દિલ અને દિમાગમાં માત્ર શ્રીજી મહારાજ દ્વારા પ્રતિપાદિત 'વસુધૈવ કુટુમ્બકમ્'' ના સિદ્ધાંતની ભાવના જ છલકાતી હતી.

પ્રખર વિદ્વાન અને ચિકિત્સક શ્રી પાગેજી ઘણીવાર કહેતા- 'મેં દાદુભાઈને મોટી સભામાં ગાદીએ બેઠેલા જોયા છે અને એક સામાન્ય કાર્યકર્તાની જેમ સેવા કરતાં પણ જોયેલા છે. પણ મને તેમની મસ્તી અને તેમના આનંદમાં જરાય ફરક દેખાયો નથી. ભગવદ્‌ગીતામાં જે સ્થિતપ્રજ્ઞ પુરુષની વાત કહેવાય છે તેવું પ્રત્યક્ષ વર્તન દાદુભાઈમાં થાય છે.'

બાપાની સિધ્ધાંતિક પ્રસન્નતાનું સુવર્ણ પાત્ર બનીને સાચા અર્થમાં તેઓ તેમના આધ્યાત્મિક વારસદાર બન્યા. કાકાજીનું જીવન જ માનો કે ગુરુવાક્ય! ગુરુહરિ યોગીજી મહારાજની જે-જે મરજી અભિપ્રાય જોયા, તે-તે યોજનામાં યા હોમ થવા, ફના થવા લાગી ગયા. કાકાજીની નજર ક્યારેય પણ સંયોગો, પરિસ્થિતિઓ તરફ નથી ગઈ. તેઓ તો બસ પોતાના ગુરુપ્રતિ વચનનિષ્ઠ અને દૃઢ પ્રતિજ્ઞ હતા. સેવાના કોઈ પણ ક્ષેત્રે બાપાએ એમને જે કાંઈ પણ જવાબદારી સોંપી, તે તમામને એક સેવકની અદાથી સંપૂર્ણરૂપે તેમાં મગ્ન થઈ તેઓ કરતા રહ્યા. કાકાજી કહેતા પણ હતા ''હકીકતો જેવી દેખાય છે, તેવી તેમને ગણ્યા વગર તમારી નિષ્ઠા મુજબ વર્તો.''

સમાજમાં જડમૂળથી પરિવર્તન લાવનાર મોટા ક્રાંતિકારી વીર પુરુષનું કામ તેમણે કર્યું. વર્તમાન યુગની માંગ ધ્યાનમાં લઈને ગુરુહરિ યોગીજી મહારાજની અંતરની ઈચ્છા હતી કે ભણેલા-ગણેલા યુવકોને સાધુ બનાવીએ, પોતાના ગુરુના આ અભિપ્રાયને સાકાર કરવા કાકાજી ખુલ્લા મેદાનમાં ગાળો ખાવા કૂદ્યા... નવા યુગના રંગોથી રંગાયેલા યુવકોને પોતાની તેજસ્વી પ્રતિભા અને બુદ્ધિથી પ્રભુનાં અસ્તિત્વ અને જરુરિયાતનું એક નવું જ દર્શન કરાવી અને નિર્વ્યાજ પ્રેમથી લાડ લડાવી પ્રભુના માર્ગે વાળી અગ્રેસર કર્યા. ફળસ્વરુપે ગુરુહરિ યોગીજી મહારાજે પહેલીવાર ભણેલા-ગણેલા એકાવન યુવાનોને દીક્ષા આપીને સાધુ બનાવ્યા.

સ્વામિનારાયણ ધર્મની મર્યાદા અનુસાર ત્યાગી સાધુ બહેનો ભગવાન ભજવાનું કાર્ય નથી ઉઠાવી શકતી. આ દુષ્કર કાર્ય માટે પણ સર્વપ્રથમ કાકાજીએ પોતાનો કંધો દીધો. રુઢિચૂસ્ત સંકુચિત માન્યતાવાળા સમાજમાં આ બીડું ઉઠાવવાનું પણ સૌથી મોટું પડકારદાયક કાર્ય હતું. કાકાજીએ પોતાના, મોટાભાઈ બાબુભાઈ-પ્યારથી જેમને 'પપ્પાજી' તરીકે બોલાવવામાં આવે છે, તેમનો સાથ લઈને શ્રીજી મહારાજ દ્વારા રચાયેલ સ્ત્રી-પુરુષ મર્યાદાની વ્યવસ્થા અંગે સમાજમાં ફેલાયેલ ગેરસમજો દૂર કરીને મૂળ રહસ્યને પ્રકટ કર્યુ.

૧૯૬૬માં એક ક્રાંતિકારી પગલું ભર્યું અને રુઢિવાદને તોડીને સામુહિક રૂપે એકાંતિક ધર્મની સિદ્ધિ માટે સ્ત્રીઓને સમાન અધિકાર અપાવ્યો. કાકાજીની અનોખી પ્રતિભાના કારણે ઘણો સમાજ તેમની તરફ આકર્ષિત થવા લાગ્યો હતો. તેથી સંસ્થાએ વાસ્તવમાં માત્ર એક

તેજોદ્વેષના કારણે બહેનોના આ કાર્યના વિરોધની ઓથે કાકાજી અને તેમના સાથીઓને વિમુખ કર્યા. ગુલઝારીલાલ નંદા તે સમય ગૃહપ્રધાન હતા, અર્થાત્ પૂર્ણ સત્તા તેમના હાથમાં હતી. નંદાજીના ખૂબ નજીકનાં સાથી મિત્રો જેઓ સત્સંગમાં પણ જોડાયેલા હતા, તેઓ જાણતા હતા કે ફક્ત બે-ત્રણ વ્યક્તિ તેજોદ્વેષના કારણે સમાજમાં ગેરસમજ ફેલાવી રહી છે... તેથી તેમણે શ્રી નંદાજીને કહ્યું કે આ બે-ત્રણ જણની ડી.આઈ.આર. હેઠળ ધરપકળ કરી લો, બધું જ બરોબર થઈ જશે. નંદાજીએ ઘણીવાર સુધી વિચાર કરીને, માનો કાકાજીને માપવા માટે કહ્યું 'દાદુભાઈજી કહે તો એવું કરી લઈશું.' કાકાજીને જ્યારે આ બાબતમાં પૂછ્યું તો ક્ષણ માટે પણ વિચાર કર્યા વગર તેમણે એકદમ જ કહયું - 'આપણી લડાઈ ભગવાન સાથે છે. ભગવાનની સાથે લડાઈનાં આપણાં સાધનો પણ શુધ્ધ હોવાં જોઈએ. આપણે ભજનથી ભગવાનને જીતશું' આ હતી એ આધ્યાત્મિક વિરલ વિભૂતિની અનોખી જીવન પધ્ધતિ.

તેમના અથાક પરિશ્રમના ફળસ્વરૂપે જ આજે સંતો, યુવકો, બહેનો, ગૃહસ્થોનો ચાર-પાંખડીયોવાળો દિવ્ય ગુણાતીત સમાજ ફુલ્યો ફાલ્યો છે- બ્રહ્મકિલ્લોલ કરી રહ્યો છે.

'ગુણાતીત સમાજનાં દરેક કેન્દ્રોના પાયામાં કાકાજી સમાયા છે.''

પોતાના સંપર્કમાં આવનાર પ્રત્યેક ઉપર તેમણે નિઃસ્વાર્થ પ્રેમ અને આત્મીયતાનો ધોધ વહેવડાવ્યો અને સાચા મુમુક્ષુઓને મોજમાં મુક્તિનું દાન દઈને અપ્રતિમ કરુણા અને પ્રેમથી સિંચ્યા!

'સ્વામિનારયણ સંપ્રદાય' જેના આજે વિષ્વમાં કરોડો અનુયાયી છે-તેના એક સાચા સક્રિય સદગુરુ અને સ્વયંપ્રકાશિત હીરાના રૂપે તેઓ ઓળખાય છે. તેમણે પ્રજ્જ્વલિત કરેલી જ્ઞાન જ્યોતિનાં કિરણો વિશ્વના ખૂણે ખૂણામાં પહોંચ્યા છે અને તેમની આવી સર્વોપરિતા, નિઃસ્વાર્થ સેવા થકી ભારતની આધ્યાત્મિકતા ગૌરવાન્વિત થઈ છે.

કાકાજી મહારાજ ૭મી માર્ચ ૧૯૮૬ના રોજ અક્ષરધામ પધાર્યા, પરંતુ તેમના દ્વારા પ્રગટાવેલ ગુણાતીત જ્ઞાનની જ્યોત આજે પણ સાચા સાધકોને તેમના વારસદારો - દિલ્હીમાં ગુરુજી, શિકાગો, અમેરિકામાં દિનકરભાઈ તથા મુંબઈમાં ભરતભાઈ સ્વરૂપે નિરંતર પ્રકાશ આપી રહી છે.

સ્વામિનારાયણ સંપ્રદાય- પૂરો ગુણાતીત સમાજ તથા દેશ જેના પર ગર્વ કરી શકે એવા કાકાજીના મૂળભૂત સિધ્ધાંતો પર ચાલીને, આજે ઘણો જ પરિશ્રમ લઈને ગુરુ, ભગવાન તથા સંતને જીવનમા રાખીને જીવતા એવા સુખી આત્મીય પરિવારોનું સર્જન કરવામાં નિરંતર અગ્રેસર છે.